વડીલોને વંદન અભિનંદન

પ્રકાશભાઈ નટવરલાલ લાલા
(૧૯૪૭)ફોન:૨૩૨૨૪૧૭૫


શામળભાઈ મોહનભાઈ પટેલ
(૧૯૨૮)મો.૯૮૯૮૦૪૦૧૫૭

હંસાબેન નગીનભાઈ પુરબીયા
(૧૯૫૧)

મહેન્દ્રસિંહ વાઘેલાને બાયડમાંથી મળી રહેલો અભૂતપૂર્વ પ્રતિસાદ

બાયડ, તા. ૬

બાયડ ૩૨ વિધાનસભા ના માં હાલ કોગ્રેસ ભાજપ અને ભાજપ સાથે છેડો ફાળી અપક્ષ તરીકે ઉમેદવારી નોધાવનાર અપક્ષ ઉમેદવાર વચ્ચે ત્રીકોણીયો જંગ જામ્યો છે ત્યારે હાલ આ ત્રણેય ઉમેદવારો ઘેર ઘેર જઈ મતદારો સાથે મીટીગ કરી મતદારો ને રીઝવવાના પ્રયોસા ચાલુ કર્યા છે ત્યારે બાયડ તાલુકા અને માલપુર તાલુકા મા કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા એ છેલ્લા બે દિવસ થી બાયડ અને માલપુર તાલુકા ના છેવાડા ના ગામો સુધી જઈ લોકો નો જન સર્પક કરવાનુ ચાલુ કર્યુ છે ત્યારે આ સભાઓ માં કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા ને જનતા મા થી અભુતપુર્વ પ્રતીસાદ મળતો જોઈ ભાજપા ની છાવણી માં સોપો પડી ગયો હતો જયારે ભાજપા દ્વારા હાલ કરો યા મરો ની સ્થીતી હોય તેવુ લાગી રહયુ છે કારણ કે ભાજપા ના ક્ષત્રીય ઉમેદવાર ઉદેસીહ ઝાલા સામે કોગ્રેસ પુર્વ મુખ્યમંત્રી શંકર સિંહ વાઘેલા ને બાયડ ની સીટ ઉપર થી ચુંટણી જંગમાં ઉતારી ને હુકમનો એકકો સાબીત કર્યો છે ત્યારે અધુરા માં પુરુ ભાજપા પક્ષ માં તાલુકા પંચાયત ના પ્રમુખ રહી ચુકેલા કડવા પાટીદાર સમાજ આગેવાન

(તસવીર : સમીર બલોચ, બાયડ)

બાયડ ૩૨ વિધાનસભા માં ફોર્મ ખેચવાના અંતીમ દિવસે કુલ છ ઉમેદવારી પત્રો માન્ય રહયા હતા જયારે તેમાંથી કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા ને જનતા તરફ થી મળતા અભુતપુર્વ પ્રતીસાદ ને જોઈ ને આજે બપોરે સમાજવાદી પાર્ટી ના ઉમેદવાર મહેશભાઈ પંડયા ગાબટ દ્વારા આજે વિધીવત રીતે પોતે કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા સાથે છે અને તેમનો પોતાનો સંપુર્ણ ટેકો છે તેવુ જાહેર કર્યુ હતુ અને તન મન થી કોગ્રેસ ના ઉમેદવાર માટે તેઓ મહેનત કરશે તેવુ જણાવ્યુ હતુ ત્યારે કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિંહ વાઘેલા એ ફુલહાર અને કોગ્રેસ નો ખેશ પહેરાવી તેમનુ કોગ્રેસ માં સ્વાગત કર્યુહતુ તેમજ તેમનો આભાર માન્યો હતો

ચુનીભાઈ પટેલે અપક્ષ તરીકે ઉમેદવારી કરતાંભાજપા પક્ષ ની નેતાગીરી માં બાયડ વિધાનસભા ની સીટ માથાના દુખાવા સમાન બની ગઈ છે ત્યારે ભાજપ પક્ષ દ્વારા કોઈપણ સંજોગો માં આ સીટ અંકે કરવા પુરી તાકાત કામે લગાડી દીધી હોય તેમ બાયડ ખાતે ઉપરા ઉપરી સ્ટાર પ્રચારકો ની સભાઓ યોજવા માંડી છે ત્યારે થોડા દિવસો પહેલા ભાજપા ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ બલવીર પુંજ ની સભાનો ફીયાસ્કો થયો હતો ત્યાર બાદ મોદી ની થ્રી ડી સભા અને આજે પુરષોત્તમ રુપાલા ની જાહેર સભા યોજવામાં આવી હતી ત્યારે ભાજપા પક્ષ હાલ પ્રચાર બાબતમાં કોઈ કમી રાખવામાંગતો નથી તેવુ દેખાઈ રહયુ છે તો બીજી બાજુ કોગ્રેસ ના ઉમેદવાર મહેન્દ્રસિહ વાઘેલા નુ બાયડ તાલુકાની જનતા તરફતી મળતો અભુતપુર્વ પ્રતીસાદ એ ભાજપ ના ઉમેદવાર માટે માથાના દુખાવા સમાન બની રહયો છે ત્યારે એ તો જોવુ રહયુ કે તા. ૧૭ ના રોજ થનાર મતદાન ના દિવસે કોણ કેટલા મત અંકે કરી શકી છે ત્યારે જનતા તો નેતાઓ દ્વારા ગમે તેટલા અખતરા કરે પણ પોતાનો કીમંતી વોટ કોને આપવો તે નકકી કરી ને બેઠી છે બાકી યે..તો.પબ્લીક ..હે..યે..સબ જાનતી હે...યે પબ્લીક હૈ...

ગુજરાતભરમાં ઠંડી ફરીથી શરૂ થશે : હવામાન વિભાગ

૨૪ કલાકમાં શહેરનું લઘુતમ તાપમાન સામાન્યથી ચાર ડિગ્રી વધુ નોંધાયુ : અચાનક બે દિવસથી ઠંડી ગાયબ થઈ

અમદાવાદ,તા.૬

અમદાવાદ સહિત રાજ્યભરમાં ઠંડીનો ચમકારો આવ્યા બાદ અચાનક છેલ્લા બે દિવસથી ઠંડી ગાયબ જ થઇ ગઇ છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસરને કારણે વાતાવણમાં અણધાર્યો પલટો આવ્યો હોવાનું તજજ્ઞો માની રહ્યા છે. ત્યારે આગામી ૨૪ કલાકમાં જ સમગ્ર રાજ્યમાં ધીરે ધરી ઠંડીનો દોર ફરી થવાની આગાહી કરતી હવામાન વિભાગે જણાવ્યું હતુ કે, આજે શહેરનું લઘુતમ તાપમાન ૧૭ ડિ.સે. નોંધાયુ હતુ. જે સામાન્ય કરતા ચાર ડિગ્રી વધુ હતુ. ડિસે. માસ શરૂ થઇ ગયો હોવા છતા હજુ સુધી ઠંડીએ જોર પકડ્યું નથી. જો કે, રાજ્યભરમાં છેલ્લા કેટલાક દિવસથી મધરાત્રે વાતાવરણમાં ફૂલગુલાબી ઠંડક પ્રસરે છે જે સવાર સુધી જળવાઇ રહે છે. જેના કારણે ઠંડીનો ચમકારો વર્તાયો હતો. પરંતુ છેલ્લા બે દિવસથી વાતાવરણમાં અણધાર્યો પલટો આવ્યો છે. જેના કારણે ફરી ઠંડીમાં ઘટાડો થઇ રહ્યો છે અને મહતમ અને લઘુતમ તાપમાન વધી રહ્યું છે. જેના કારણે ઠંડી ગાયબ જ થઇ ગઇ હોવાનું જણાઇ રહ્યું છે. સૂર્યોદય બાદ બપોરે ગરમીનું જેમ જળવાઇ રહેતા હજુ પણ સામાન્ય ગરમીનો અહેસાસ થઇ રહ્યો છે.

રાજયના મોટા ભાગના શહેરોના મહતમ તાપમાન હજુ ૩૨ ડિ.સે.ની આસપાસ રહેતા બપોરના સમયે ગરમી સહન કરવી પડી છે. આમ છેલ્લા ઘણા દિવસોથી રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં મિશ્ર ઋતુનો અહેસાસ થઇ રહ્યો છે. જેના કારણે વાઇરલ ઇન્ફેક્શનના કેસોમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જેનો ભોગ મોટે ભાગે બાળકો બની રહ્યા છે. હવામાન વિભાગના જમાવ્યા અનુસાર, આગામી ૨ કલાકમાં રાજ્યના મોટા ભાગના શહેરોના લઘુતમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. જ્યારે અમદાવાદનું લઘુતમ તાપમાન ૧૭ ડિસેની આસપાસ રહેશે. આ ઉપરાંત આગામી દિવોસમાં જ ઠંડીનું પ્રમાણ વધવાની શક્યતા છે.

ડૉ. ચંદ્રપાલસિંહ યાદવ એશિયા પ્રશાંત વિભાગના ઉપાધ્યક્ષ ચૂંટાયા

ભારતીય રાષ્ટ્રીય સહકારી સંઘ અધ્યક્ષ ડૉ. ચંદ્રપાલસિંહ યાદવ આંતરરાષ્ટ્રીય સહકારી સંઘ

(આઈ.સી.એ.) એશિયા પ્રશાંત ક્ષેત્ર કે બીજીવાર ઉપાધ્યક્ષ ચૂંટાયા છે. શ્રી યાદવનો જાપાનની કોબેમાં એશિયા - પ્રશાંત ક્ષેત્રની બોર્ડ બેઠકમાં થયેલી ચૂંટણીમાં ભારે બહુમતીથી ચૂંટાયા છે. ડૉ. યાદવ આ જગ્યા પર સતત બીજી વખત ચૂંટાયા છે. એશિયા પેસિફિક ક્ષેત્રના ચૂંટણીમાં ૨૫ રાષ્ટ્રો, ૮૦ પ્રતિનિધિઓ ભાગ લીધો હતો. જેમાં ભારતનાં અગ્રણી નેતાઓની ભલામણથી ભારતીય સહકારી આંદોલનથી ડૉ. ચંદ્રપાલસિંહ યાદવ ચૂંટણી લડ્યા હતા.

મોદી આજે સાત જાહેરસભા સંબોધવા માટે સંપૂર્ણ સજ્જ

અમદાવાદ, તા. ૬

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આક્રમક ચૂંટણી પ્રચારમાં વ્યસ્ત બનેલા છે જેના ભાગરૂપે મોદી આવતીકાલે સાતમી ડિસેમ્બરના દિવસે ગુજરાતના જુદાજુદા સ્થળો પર સાત જાહેર સભાઓને સંબોધન કરશે. ગુજરાતમાં બે તબક્કામાં ૧૩ અને ૧૭મી ડિસેમ્બરે ચૂંટણી યોજાનાર છે. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના ૭ ડિસેમ્બરના રોજના ચૂંટણી પ્રચાર કાર્યક્રમની વિગતો આપતા ભાજપાના મીડીયા ઇન્ચાર્જ ડૉ. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સવારે ૯.૦૦ કલાકે ઝેરડા, તા. ડીસા, બનાસકાંઠા ખાતે જાહેરસભાને સંબોધી પોતાના ઝંઝાવાતી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરશે.

બનાસકાંઠાથી જાહેરસભા સંબોધી મુખ્યમંત્રી મોદી એ.પી.એમ.સી. સમી, પાટણ જીલ્લામાં સવારે ૧૦.૩૦ કલાકે જાહેરસભા સંબોધશે. બપોરે ૧૨.૦૦ કલાકે માલવણ, સુરેન્દ્રનગર ખાતે બપોરે ૨.૦૦ કલાકે ફલ્લા જામનગર ખાતે, ૩.૩૦ કલાકે બેન્ટમ્બી, હનુમાન મંદીર, જામકંડોરડા ખાતે જાહેરસભાને સંબોધશે. ભાજપાના મીડીયા ઇન્ચાર્ડ ડૉ. જગદીશ ભાવસારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના પ્રચાર કાર્યક્રમની વિગતોમાં વધુમાં જણાવ્યું છે કે ૭ ડિસેમ્બરના ચૂંટણી પ્રચાર કાર્યક્રમના અંતમાં મુખ્યમંત્રી પ્રદર્શન ગ્રાઉન્ડ, જામનગરમાં સાંજે ૬.૩૦ કલાકે અને રાત્રે ૮.૦૦ કલાકે મોહન સિનેમા, અસારવા અમદાવાદ ખાતે જાહેરસભાને સંબોધશે.

મા નર્મદા કિનારે ૩૮ તીર્થ સ્થાનોની કાયાપલટ થશે ?

ગાંધીનગર, તા. ૬

નર્મદા જિલ્લામાં મા નર્મદા માટે રિવરફ્રન્ટ કરવાની ગુલાબી જાહેરાત સદ્ભાવના સંમેલનમાં કરવામાં આવી હતી, પરંતુ મા નર્મદા રિવર ફ્રન્ટ કરવાની વાત વિસરાઇ ગઇ છે. મા નર્મદા જિલ્લાના ૩૮ તીર્થ મંદિરોમાં સરકારી વહીવટદારો મુક્યા છે. જેની બધી આવક સરકારમાં જમા થાય છે. છતાં રિવર ફ્રન્ટ કે તીર્થ વિકાસ યોજના પર્યટન ધામ કોઇ યોજનાનો અમલ બન્યો નથી. આ આવકમાંથી ૨૫ ટકા રકમ જરૂરીયાત વાળા કામો રસ્તા, પીવાના પાણી, શૌચાલયો, બસ સ્ટેન્ડોમાં વપરાતાં નથી.

વિશેષમાં દરરોજ ૮૦૦ ટ્રકોના ફેરા રેતી-માટીના અદાણી અને બીજી કંપનીઓ દ્વારા થાય છે. જેથી નદીમાં મોટા ખાડા પડે છે. નારેશ્વર-દિવા બેટ તીર્થ સ્થળે સ્નાન કરતા ભક્તો મુશ્કેલીમાં મુકાય છે. શા માટે ગુજરાતની જીવાદોરી નર્મદાના તીર્થસ્થાનો સામે ઓરમાયું વર્તન કરવામાં આવે છે. ૫૫૦૦ કરોડના ટેન્ડરો જાહેર કરાયા છે. મા નર્મદા તીર્થ સ્થળોના વિકાસ માટે કશું જ કરાયું નથી. આ વિસ્તારની જનતામાં વિકાસ ન થવાથી ભારે અસંતોષ છે. તો વહીવટી તંત્ર સવેળા જાગૃત બનશે તો તીર્થધામોની શિકલ બદલાશે.

ઈશરે અને એશરેના સંયુકત ઉપક્રમે અમદાવાદમાં કોલ્ડ સ્ટોરેજ અંગે રાષ્ટ્રીય સેમિનારનું આયોજન

અમદાવાદ, તા.૬

ગુજરાત આજે દેશમાં દૂધ બાદ ફળો અને શાકભાજીના ઉત્પાદન તેમજ તેની નિકાસ કરનારું દેશનું અગ્રણી રાજય છે પરંતુ શાકભાજી તેમજ ફળોનું મોટા પાયે ઉત્પાદન થવા છતાં પણ હજુ તેના સંગ્રહ માટે ઉર્જાક્ષમ તથા સલામતી સાથે અસરકારક કોલ્ડ સ્ટોરેજની આધુનિક સુવિધાનો અભાવ જોવા મળી રહ્યો છે તેમજ આ અંગે જોઈએ તેટલી જાગૃકતાનો અભાવ પણ છે, ત્યારે ઈંડિયન સોસાયટી ઓફ હિટિંગ, રેફ્રિજરેટિંગ એન્ડ એરકન્ડિશનિંગ એન્જિનિયર્સ (ઈશરે), અમદાવાદ ચેપ્ટર તેમજ અમેરિકન સોસાયટી ઓફ હિટિંગ રેફ્રિજરેટિંગ એન્ડ એરકન્ડિશનિંગ એન્જિનિયર્સ (એશરે), વેસ્ટર્ન ઈન્ડિયા ચેપ્ટરના સંયુકત ઉપક્રમે ૮મી ડિસેમ્બરના રોજ અમદાવાદ મેજમેન્ટ એસોસિએશન ખાતે કોલેડ ચેન પરનો એક અતિ મહત્વનો અને ઉપયોગી સેમિનાર યોજવામાં આવ્યો છે.

આ એક દિવસના કોન્ફલુએન્સમાં ગુજરાત ઉપરાંત અન્ય રાજયોમાંથી કોલ્ડ સ્ટોરેજ ઓનર્સ, ઈન્ડસ્ટ્રિયાલિસ્ટસ, ટેકનીકલ કન્સલટન્ટસ તેમજ સરકારના ઉર્જા અને ટેકનોલોજી વિભાગ સાથે જોડાયેલા બ્યુરોક્રેટસ સહિતના મહાનુભાવો હાજર રહેશે. આ સેમિનાર કોલ્ડ સ્ટોરેજ ધરાવતા ઓનર્સ તેમજ નાના પાયે કોલ્ડ ચેન બિઝનેસ શરુ કરવા માંગતા આંત્રપ્રિન્યોર્સ માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે. આ સેમિનાર ૮મી ડિસેમ્બરના રોજ એએમએના જે.બી. ઓડિટોરિયમ ખાતે સવારે ૯ વાગ્યાથી શરૂ થશે અને સાંજે ૫ વાગ્યા સુધી ચાલશે.

આ સેમિનારનો હેતુ અને આયોજન અંગે ઈશરે (અમદાવાદ ચેપ્ટર)ના પ્રેસિડેન્ટ અરવિંદ વેગડા તથા કોન્ફલુએન્સના ચેરમેન કમલેશ મહેતા એ જણાવ્યું હતું કે ઈશરે અમદાવાદ ચેપ્ટર અને એશરેના વેસ્ટર્ન ચેપ્ટર દ્વારા છેલ્લા ૭ વર્ષથી દર વર્ષે એન્યુઅલ કોન્ફલુએન્સનું આયોજન કરવામાં આવે છે ત્યારે સતત સાતમા વર્ષે યોજાનારા અમારા આ કોન્ફલુએન્સમાં અમે અતિ મહત્વના વિષય એવા કોલ્ડ ચેઈન પર દેશના નિષ્ણાંતો અને ઉદ્યોગકારોને એકઠા કરીને તેઓ દ્વારા આ ક્ષેત્રે દેશમાં તેમજ ખાસ કરીને ગુજરાતમાં રહેલી તકો અને તે માટેના ફાયદા તથા અસરકારક અને ઉર્જાક્ષમ આધુનિક કોલ્ડ સ્ટોરેજ કઈ રીતે વિકસાવી શકાય તે અંગે માહિતીગાર કરી રહ્યા છીએ. ઉપરાંત અમારા વાર્ષિક સમારંભનો હેતુ એચવીસી અને રેફ્રિજરેશન ક્ષેત્રે થઈ રહેલી આધુનિક ગતિવિધિ અને નવી તરાહોથી તમામ સભ્યો તથા લોકોને માહિતગાર કરવાનો છે.

(તસવીર : સમીર બલોચ, બાયડ)

બાયડ ખાતે ભાજપા ના પ્રદેશ અધ્યક્ષ પુરસોત્તમ રૂપાલાની જાહેર સભા યોજાઈ

બાયડ ૩૨ વિધાનસભા માં હાલ ચુટણી નો પ્રચાર ધીમે ધીમે વેગ પકડી રહયો છે ત્યારે ભારતછય જનતા પક્ષ દ્વારા મતદારો ના મત અંકે કરવા તેમજ મતદારો ને આકર્ષવા પોતાના સ્ટર પ્રચારકો ની બાયડ ખાતે ઉપરા ઉપરી સભાઓ યોજવા માંડી છે.ત્યારે આવખતે સભાઓ મા પબ્લીક ની પાંખી હાજરી એ લોકો ની આંખે ઉડી ને વળગે છે જેને લઈ ને ભાજપા ના નેતાઓ ચીંતીત બન્યા છે ત્યારે આજે બાયડ ખાતે ભાજપાના પ્રદેશ અધ્યક્ષ પુરસોત્તમ રૂપાલા ની એક જાહેર સભા બાયડ માર્કેટ યાર્ડ ખાતે યોજાઈ હતી જેમાં પ્રદેશ અધ્યક્ષે કોગ્રેસ પક્ષ ઉપર પોતાની આગવી શૈલી માં આકરા પ્રહારો કર્યા હતા અને ભાજપાના ઉમેદવાર નેજંગી બહુમતી થી જીતાડવા અપીલ કરી હતી ત્યારે આ પ્રસંગે બાયડ વિધાનસભા ના ઉમેદવાર ઉદેસીહ ઝાલો બાયડ તાલુકા પ્રમુખ ભુપતસિહબાયડ નગરપાલિકા ના કારોબારી અધ્યક્ષ સુધીરભાઈ પટેલ બાયડ નગરપાલીકા પ્રમુખ જગદીશભાઈ પટેલ બાયડ શહેર પ્રમુખ અરવિંદભાઈ પ્રજાપતી મહામંત્રી અતુલભાઈ તેમજ બીપીનભાઈ પટેલ ઉપસ્થીત રહયા હતા

શબ્દાવલી - ૪૯૧૬

૧			૨	■	૩		૪
	■	■	૫			■	
૬	૭	૮		■	૯	૧૦	
૧૧			■	૧૨	■		■
૧૩		■	૧૪			■	૧૫
■	૧૬	૧૭			■	૧૮	
૧૯	■	૨૦		■	૨૧		
૨૨			■	૨૩			

આડી ચાવી

૧. પગથી માથા સુધી (૪)
૩. માલિક હોવું તે, તેમની... નું (૩)
૫. પતંગિયું, એક ચમકતું જીવડું (૩)
૬. હોળીમાં... માં રંગભરી બીજા પર છંટાય (૪)
૯. શાન્તિ, આરામ (૩)
૧૧. હંટર, કોરડો (૩)
૧૩. સો (૨)
૧૪. એકબારમાસી ફૂલનુંઝાડ (૩)
૧૬. નોકરી, રોજીરોટી (૪)
૧૮. બગલ (૨)
૨૦. સ્વનું, પોતાનું (૨)
૨૧. સમાચાર (૩)
૨૨. કમાણી, આપ... (૩)
૨૩. આવડવું તે, કળા (૪)

ઊભી ચાવી

૧. માનવ રાક્ષસ (૫)
૨. ખજૂરનું ઝાડ (૭)
૩. સ્ત્રીને... પણ કહેવાય (૩)
૪. ભાવ, મોલ (૩)
૭. પંખીને ચણવા માટેનો ચોતરો (૪)
૮. કાગડો, કાગ (૨)
૧૦. નિશા (૨)
૧૨. સુંદર માળો બનાવતું પક્ષી (૩)
૧૪. બકડીયું, કતેડું (૩)
૧૫. 'ખડતલ' શબ્દ આડોઅવળો (૪)
૧૭. દીકરીનો પતિ (૩)
૧૮. શ્રવણે... માં બેસાડી મા-બાપને જાત્રા કરાવી (૩)
૧૯. ગુનો, કસૂર (૨)
૨૧. પગથિયાવાળો કૂવો (૨)

શબ્દાવલી ૪૯૧૫ના જવાબ

આડી ચાવી :- (૧) મરજીયાત (૪) વગ (૬) મારફાડ (૭) દાવત (૯) દાદી (૧૦) લક (૧૧) કંકોતરી (૧૩) રેલગાડી (૧૫) વાલ (૧૬) લીલામ (૧૮) ગાય (૧૯) હેરત (૨૧) લત (૨૨) રતલ

ઊભી ચાવી :- (૧) મડદાલ (૨) જીવાત (૩) તમા (૪) વફાદારી (૫) ગડદી (૮) વકરેલ (૧૧) કંગાલીયત (૧૨) કોડીલા (૧૪) જાણતલ (૧૫) વાલ્મીકી (૧૭) મહેર (૧૮) ગાલ (૨૦) રત

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601